તરિયાથી ઉગરીયા તારનારો રામછે,

(૨૬) ઈંદ્રિ નિગ્રહ કરનારને સુચના—(મનહરછં.)

ઘ્રતનુ ઠરેલ ઠામ અગીઠિથિ તે તમામ,
ઓગળિને એનિ મેળે જેમ ઝાળ થાયછે;
તેમ નારિ અગરૂપી સગરૂપી અગીઠિથી,
એની મેળે કામ ઓગળિને ઉભરાય છે;
કામથી વિરામ પામવાને આઠુ જામ,

રામ નામ મુખે જપવું એ ઉત્તમ ઉપાય છે;
એના વિના કોઇ રિતે કામ રોગ કોઇ ઝીતે,
થયુ ન હજી ને તેવુ થવુ ન જણાય છે;
માટે કહે મેઘજી એ ઉત્તમ ઉપાય તજી,
અન્ય ઉદ્યમોથી થીર મન નવ થાય છે;
થીર મન રાખવાને અસગ કે સત્સંગ,
અનગ ને ઝીતવાનો એ શુભ ઉપાય છે.

(૨૭) સત્યકાર્ય કરવા વિષે-(મનહર છંદ)

ખરૂં કાર્ય મુકિને શુ ખોટામાં તુ ખુચી રહ્યો,
આત્માતણુ હિત તુ વિચારિ લે ચતુર નર;
દેહ છે ઉતારો સહુ સાથ છે ધુતારો,
તારો હિત કરતા હરિ છે તેને નિત યાદ કર;
દુખે માયા મેળવાય જાળવતા જીવ જાય,
જાતા અતિ દુ:ખ થાય તેમાં આસ્થા ન કર;
આસ્થાનુ ઉત્તમ સ્થાન છે શ્રીપતિ તણુ ધ્યાન,
તેમા બનિ એક તાન તૃષ્ણાને તુ દુર કર;
ખરૂ નથી આહિ ઘર દુનીયા છે દુ:ખકર,
જરૂર જવુ છે મરિ મુકિ ધન માલને;
પ્રભુપદે પ્રિત ધરિ રાગ દ્વેશ દુર કરિ,
મેઘજી ભજી લે હરિ તજીને જંજાલને.

(૨૮) વિશ્વાસ વિષે-(મનહર છંદ)

કંગલા ને કયાથી કંચન તણુ પાત્ર જડે,
તો તે ગણે પિળું રૂડું પિતળનુ ઠામ છે;
ઠિક ભલા ભીખ માગવા થશે એમાં હે મુને,

એમ રિક્ત બુદ્ધિને મન રામનુ નામ છે;
કંઇક આપો એમ કહી કંચન પાત્રને ગ્રહિ,
કંગલુ જેનિ તેની આગળ કર ધરે છે;
એમ હરિની અરચા હાથ આવ્યા છતાં,
પુજારિ પોષણુ માટે બીજા પાસે કરગરેછે;
જેમ છત્રપતિને છોડિને રાણી,
ભીખ માગવા ભુંડા લક્ષણે પ્રજાપાસે કર ધરેછે;
તેમ કોટિબ્રહ્માંડના પતિની પુજા તજીને,
પાજી પુજારિ બીજાની પાસે કરગરેછે;
એવો મેઘજી ન બન્ય જીવન છે ધન્ય,
ધણી શ્રી દ્વારિકાંનાથજીનો માથે મોટો હાથ છે;
તું છે તેનો બાળ તે છે જગતનો પ્રતિપાળ,
ગોવિંદને ગાળ ન બેસાડ તુ સનાથ છે.

(૨૯) પ્રભુ શ્રીના ધ્યાન વિષે-(મનહર છંદ)

સદ્‌ગુરૂ સંગરૂપી ગંગમાંથી નીરરૂપી,
સદ્‌બોધતણુ મન માટ ભાવે ભર તું;
મેઘજી કહે શ્રીગુરૂ નૃસિંહ કૃપાથી,
નરસિંહ સમ બની અડચણુથી ન ડરતુ
ઝાડરૂપી જગપતિના પાદરૂપી થડમા,
મનરૂપી માટલિથી સેવા વારિ સીચ તું;
જગ વિષયને વિષ તુલ્ય ગણિને ધણીનુ,
ધ્યાન ધારિ તારિ બાહ્ય ચક્ષુઓને વીચ તુ;
આપો આપ તાપ તારો એની મેળે ઓલવાશે,

શિતળતા રૂપ છાય શિરપર ચડશે;
ત્વરાથિ સ્મરણુ કર ફળની ધીરજ ધર,
મધુર બની પાકિને અધરથી પડશે,

(૩૦) દવા તથા દુવા (આશીશ) વિષે—(મનહરછંદ)

દામ દઇને દવાની બાટલિયો બહુ પીએ,
પણ લીએ નહિં દુવા દુખી દીન જનની;
કઇકની કદુવા લઇ દવા ખાય દસવાર,
તેથી પિડા મટે નહિ મહાવ્યાધિ મનની;
મુકિ દવા જોવ તેવિ સધ્ય લે તુ સત સેવે,
હાય ઓય મુાક દે મુરખ હવે ધનની,
તન મન ધન જીવન પ્રભુને ભેટ કરિ,
મેઘજી કહે લે મજા પ્રભુના ભજનની,

(દોહા) શતક. (૪)થું (૧૦૦) મોતિની, સેર

આશા તૃષ્ણા ઉઠ ગઇ, સ્થીર પ્રભુમે મન;
જીવન મુક્ત જાનીએ, મેઘા વોહિ જન............૩૦૧
ગુજરાતિ ત્રીજી તણો, મેઘાને અભ્યાસ;
છતાં પ્રભુનિ સ્હાયથી, કર્યો પ્રભુયે પાસ.........૩૦૨
વિક્રમસવત્ ઓગણી, સોને ત્રેસઠ સાલ;
અષાઢની વદ એકમે, મેઘો થયો નિહાલ............૩૦૩
દસ વાગે રાત્રી સમે, ઉતમ અસાડ માસ;
મેઘાને મન તે સમે, થયો ભક્તિને ભાસ..........૩૦૪

રામ નામ નીજ મંત્રહૈ, સકલ સાસ્ત્રકો ભેદ,
આધે નામ ગુનકા તરી, કહા પઢ ગઇતિ વેદ......૩૦૫
ઉલટિ રૂપ સંસારને, ફરિ ન આરો ગાય;
ભગવત રૂપ ભોજનાવનાં, મેઘા ભુખીકાય..........૩૦૬
સ્વરૂપ સ્વાદ ચખાડીગ્યા, શ્રીવર મનહરનાર;
એનાવિના હવે મુને, રૂચેનહીં લગાર..............૩૦૭
પ્રેમપિપાશક પત્રીકા, લખુ લથડતે હાથ,
પ્યાસ પ્રભુ દર્શન તણી, કયાય મળે રઘુનાથ.........૩૦૮
કળિયુગનાછે કુંવરી, તમાકુ તનૂ હણનાર;
તેને પરણ્યો પ્રેમથી, મેઘા મુઢ અપાર..............૩૦૯
બજર નજર જગમા કરે, વરે મુજને કોય,
તેને નાખુ નર્કમા, કોટિકલ્પ તક રોય.. ....૩૧૦
તન મન ધન આપી અને, તુચ્છ તમાકુ ખાય;
તેના સમાન મેઘજી, મુર્ખ કોણ કહેવાય..............૩૧૧
તમાકુને તાબે થયા, મેઘા જે નરનાર;
તે નર્કે નક્કી જશે, ખાશે જમના માર............૩૧૨
કળિયુગની કુંવરી બજર, નજ કરે ચૌપાસ;
આવો મારિ ઝપટમા, કાઢુ સત્યા નાસ.............૩૧૩
બજર જબ્બર, વેશ્યા વસી, મુખ મુખ કરિ મુકામ;
ખાય પીયે સુંઘે સહુ, મેઘા મુર્ખ તમામ ૩૧૪
ચા, સુકકે, મધુપાન, ને, ગાજો, ભાગ, અફીણ;
વ્યસન કરે જે મેઘજી, તે મુરખ મતિ હિણ ...૩૧૫
દુર વ્યસનો વળગ્યા પછી, દુર દુખથી થાય;

માટે મેધા મુળથી, ચેત ચોટિ નવ જાય...............૩૧૬
જગજન જીવવાનું શીખ્યા, મરતુ શીખ્યા ન કોય;
મરવું શીખ્યા મેધજી, તે ફરિ મુવા ન કોય.......૩૧૭
ગુરૂ જગત જલ્દી બને, શિષ્ય જવલેં કોય;
શિષ્ય બનીજા મેધજી, તો ભવ ભવ નહિ હોય....૩૧૮
બોધક બહુછે જગતમાં, શોધક સુરવિર કોક;
તરવા તત્પર કોકને, બુડવા થોકે થોક.............૩૧૯
ભજન પુજન ભોજન કરે, નાય ખાય ને ગાય;
તે મનુષ્યછે મેધજી, અન્ય પશુ કહેવાય.............૩૨૦
ગંગા ગોમય, ગોમતી, ગયા, ગોકુલ ગોવિંદ;
ગીતા, ગોપી, નામઅષ્ટ, જપતાં તજીને નીંદ.......૩૨૧
અષ્ટનામના જપથકી, કષ્ટ ટકે નહિં કોય;
નષ્ટ થાય નબળાં નશિબ, મેધા મુક્તિ હોય.........૩૨૨
જઠરામાં જણે તુને, આપ્યો પૈનો અહાર;
તે ભુખેં કેમ મારશે, મેધા ભજવાં બહાર..........૩૨૩
બળતી જઠરા અગ્નીમાં, કીધી જેણે સ્હાય;
તે મેધા કયમ ભુલશે, ભજતાં શ્રીરઘુરાય..........૩૨૪
ચળ,અચળ, સુર, અસુર, નર, સબહૈજીનકા દાસ;
ઐસો શ્રીહરિ છોડિકે, મત કર કોઇકી આસ.......૩૨૫
સ્વલ્પ સ્વપ્ન સંસારમાં, શ્રીહરિ સ્મરણુ સાર;
ભજી ભગવતનાં નામને, જા મેધાભવપાર.........૩૨૬
કદી ક્ષુધા પીડે નહી, કદી નડે નહી ઊંધ;
કોઇ કષ્ટ પીડે નહીં, એવો બ્રહ્મ સબંધ.........

સ્વલ્પ સુખ સસારનું, કોટિ કલ્પ કલ્પાંત;
માટે મેધા મન મુખે, રામ રટિ થા શાંત.........૩૨૮
મેધા જગકી કયા કહુ, સબી રીત વિપરીત;
નિચકી નીત ચાહત કરે, કરે ન હરિસે પ્રીત......૩૨૯
મેધો મન વિસ્મય થયો, જોઇ જગતનો ખેલ;
કઠણુ કર્મ સહુકો કરે, સ્મરે નહિ હરિ સેલ......૩૩૦
મેધો મન વિસ્મય થયો, જોઈ જગતની ટેવ;
માને નહિ મહાદેવને, કરે નીચની સેવ............૩૩૧
રટે રામકુ પ્રેમસેં, વો હૈ હર કી રીત;
નીદે સ્માર્ત સીતાપતી, વહ કૈસા વિપરિત ૩૩૨
હર, હમેશ હરિકુ જપે, હૈ હરિકા હર દાસ;
ઉનકી જો નીદા કરે, વાકુ જમ દે ત્રાસ..........૩૩૩
સીધુ રૂપ સસારમા, જાળ રૂપ જંજાળ,
મછ રૂપ મેધા માનવી, મોતરૂપ મછીયાર.........૩૩૪
માનો કે માનો નહિ, મેધાની કોઇ વાત;
તો પણ દોહા કહિશ હું, સુદર સુબોધ સાથ.........૩૩૫
તન મદ, ધન મદ, રાજ્ય મદ, જન, જાતિ, મદ, પાંચ;
એવા મદાંધ મેધજી, સહે નર્કની આચ............૩૩૬
પુર્વે પુન્ય કર્યા થકી, થયા, આ, ભવે, શેઠ,
આ-ભવ-પુન્ય નહિ કરો, (તો) કરશો, પરભવ, વેઠ. ૩૩૭
મન સુધર્યા વિણુ મેધજી, મળે ન સાચું સુખ;
માટે મન સુધારવા, મચ્યા રહો અભિમુખ.........૩૩૮
મન સુધર્યા સમ મેધજી, નહિ કોઇ લાભ મહાંન;

મન બગડયા સમ શ્રૃષ્ટિમાં, નથી બીજું નુકશાંન......૩૩૯
મન સુધારક ઔષધિ, કહે મેઘો સુણ કાન;
સત્સંગત શુદ્ધ અહારને, હમેશ હરિગુણ ગાન......૩૪૦

તન સુધર્યાથી શું વળે, મનની કર તજવિજ;
મન સુધર્યે તન સુધરશે, મન છે તનનું બીજ......૩૪૧
તન સુધારવા શું મડયો, મન સુધારવા શીખ્ય;
મન સુધરે તો મેઘજી, મટે માગવી ભીખ ૩૪૨

તન પુષ્ટિની તો દવા, લ્યે છે લાખો લોક;
મન પુષ્ટિની મેઘજી, દવા લીયે છે કોક...........૩૪૩
ચારે વેદ ભણી વળો, પઢો પુરાણ અઢાર;
મન નિર્મળ વિણ મેઘજી, થાય નહિ ઉદ્ધાર ૩૪૪
કૃષ્ણ કૃપા વિણ મેઘજી, મન નિર્મળ નહિ થાય;
માટે રામ રીઝાવવા, કરજે રોજ ઉપાય ૩૪૫

મનને મલીન રાખીને, તનશણગારે લોક:
ઉપરથી અચ્છું કરે, ભીતર ભુખ અથાક.........૩૪૬
શરિરને શણગારિને, ફરે ભલે સંસાર,
મેઘા મન શણગારીને મેળવજે કિરતાર... . ...૩૪૭
મેઘા મન શણગાર છે, ક્ષમા શીલ સંતોષ;
તે શણગાર ધર્યા થકી, જાય જન્મના દોષ ૩૪૮

સારાં માઠા શરિતો, આખર જાય વિખાય,
મન એનુએ મેઘજી, સાથે બધેય જાય...........૪૪૯
મન એનુએ મેઘજી, સૌ ભવ આવે કામ,
માટે તે સુધારવા, ધરજે સાચી હામ...... ....૩૫૦

મન સુધારવા મેઘજી, મદત્ હરિની માગ્ય,
હોશ રાખીને તનતણી, ત્રેવડ ને તુ ત્યાગ્ય.... . ૩૫૧
શોભા સાથ સુબોધના, દોહા વાચો દોસ્ત,
વાચીને વર્તન કર્યે, ભવભય અરત સમસ્ત ૩૫૨
શુ શુ વાચી વિચારિયે, પુસ્તકનો નથી પાર,
તત્વ ત્રીલોકે મેઘજી, રામનામ છે સાર ૩૫૩
એલેલ બી. બી એ બનો, તોપણ માથે મોત,
મોત ઝીંતવા મેઘજી, સાચી વિદ્યા ગોત ૩૫૪
ઉર્દુ, ગુર્જર, ફારસી, સસ્કૃત, શાસ્ત્રી, જાણ્ય,
બ્રહ્મ વિદ્યા વિણુ મેઘજી, સાચુ સુખ નહિ માણ્ય ૩૫૫
સાક્ષર પડિત કે કવિ, નથિ હુ વિદ્યાવાન,
એમ સમજીને સજ્જનો દોષ ન લેશો ધ્યાન. ૩૫૬
દેવમદીરે પેસતા, દુર કરો પચાત,
પ્રીત સહિત શુભ રીતથી, કરો પ્રભુની વાત . ..૩૫૭
પિછે પિછે કયા કહતહો, પલકી નહી પ્રતિત,
માનવ તનકુ મેવજી, વૃથા ન કરો વ્યતિત .. .. .૩૫૮
મન સમાન શત્રુ નહિ, મનસમાન નહિ મીત્ર,
મન એનુ એ મેવજી, કરે અનેક ચરિત્ર... ....૩૫૯
બગડયુ મન દુષ્મન ગણો, સુધર્યુ તો મનમીત્ર,
રામાથી મન મલીનને, રામથી પરમ પવિત્ર ૩૬૦
રાંમામા મન રોકવે, બને મલીન મહાન;
રામ ચરણમાં રોકવે, થાશે રામ સમાન ૩૬૧
મનઉપર મેવા ચડે, સગ પ્રમાણે રગ,

માટે કુસંગથી બચિ, સદાય કર સતસંગ...........૩૬૨
ધર્મ અર્થ ને કામની, મુકય મેઘજી આશ;
રાખ્ય આશ અવિનાશની, મળે આશ ત્યા વાસ...૩૬૩
ચાર દોરીથી મેઘજી, જકડાયુ છે જગ્ત;
ત્રણ દોરીને ત્રોડિને, ચહે ચોથિ તે ભક્ત..... .. ૩૬૪
ધર્મ અર્થ ને કામની દોરિને કર દુર;
મોક્ષ દોરિથિ મેઘજી, પહોચો હરિ હજુર............૩૬૫
ધર્મ અર્થને કામની, આશારૂપી દોર,
તેને તજી જા મેઘજી, મોક્ષ દોરિની કોર.. .... ૩૬૬
મોક્ષ દોરને દ્રઢ કરિ, ત્રણે દોરિને ત્રોડય;
મમત છોડિને મેત્રજી, રામ ચરણ મન જોડય ..૩૬૭
ત્રણ દોરિ દુખરૂપ છે, ચોથી સુખનુ મુળ,
ધર્મ અર્થને કામથી, મરણ જનમના શુળ........૩૬૮
મોક્ષ દેરિ ચોથિ ચહે, એજ ચતુર કહેવાય,
ધર્મ અર્થને કામમા, અનેક જન અટવાય ૩૬૯
ચાર દોરિથી મેત્રજી, બધાયુ છે મન,
ત્રણ દોરીને ત્રોડિને કરિલે હરિભજન ૩૭૦
અવલબન વિણ કઠિણ છે, થવો આશનો નાશ,
માટે રામ મળ્યાતણી, રાખ્ય મેઘજી આશ . ..૩૭૧
તૃષ્ણાસમાન શ્રેષ્ટમા, કોઇ નથિ સતાપ,
મેઘા મન સતોષવિણુ, અન્ય ન સુખ અમાપ .. . ૩૭૨
સત ઉરે સતોષને, અસત ઉર અફશોસ,
સત વિષય ચિત્વન કરે, તો મેઘા મહાદોષ .. ૩૭૩

સંતનું ધન સંતોષને, અસંતનું ધન અન્ય;
મેઘા તૃષ્ણા ત્યાગીને, પ્રભુ ભજે તે ધન્ય........૩૭૪
વેસ ત્યાગવે શુ વળ્યુ, મેઘા મમતા ત્યાગ્ય;
તમામ તૃષ્ણા ટાળીને, ભક્તિ કરવા લાગ્ય ૩૭૫
સામન બદલ્યે મેવજી, બને નહિ કોય સિદ્ધ,
મમત મરે તૃષ્ણા ટળે, તરે તે જગ્ત પ્રાસદ્ધ .. . ૨૭૬
જેમ વિષયથી વાળશો, તેમ થશે મન શાંત;
જેમ વિષયમા વાળશો, તેમ થશે મન ભ્રાન, ...૩૭૭
આશાને અવકાશજો, દઇશ મેત્રજી લેશ,
તો તુજને તે નચવશે, નિત્ય કરાવિ કલેશ ૩૭૮
આશા નહિ તૃષ્ણા નહિ, નહિ કિસિકી પરવાહ,
મેત્રા વોહિ મહાત્મા, હૈ શાહનકો શાહ ૩૭૯
ગળા સુધિ લાગે ગળ્યુ, પછી તો પેટ ભરાય;
જે જમીએ તે ઠીક છે, સ્વાદે શિદ લલચાય ૩૮૦
મોક્ષ માર્ગમાં વિચરતાં, સગા સમ્બધી રૂપ,
બાધી નાખે મેઘજી, મહનર્કને કુપ ૩૮૧
મેત્રા મત કર જગતમા, ઓળ-ખાણુ તુ અલ્પ,
ઓળ-ખાણુમા આથડયો, કોટિ કોટિ કલ્પ . .. ૩૮૨
ઓળખાણ તજ અન્યની, ઓળખ આતમરામ;
મેઘા માની ઓળમા, વિટાવુ શુ કામ ૩૮૩
એક ઓળની ખાણુથી, મેઘો હાર્યો હામ;
ઓળખાણુ કરવા ચહે, જગજન ઠામોઠામ ૩૮૪
મૃગ બચ્ચાની મમતથી, ભરત ભમ્યા ભવ ત્રણુ;

માનવનું શુ મેઘજી, ઓળખાણ જણુજણુ.........૩૮૫
ઓળખાણુ તે ઓળની, દુ ખદા દારૂણુ ખાણુ;
મેઘા મુરખ માનવિ, સમજે તેને લ્હાણુ. ૩૮૬
પ્રભુ પેમવિણુ પ્રેમસ્થળ, જાશે સહુ સુકાય,
માટે મેઘા મુળથી, પકડ પ્રભુના પાય...... .....૩૮૭
ધ્રુવપદ અજપદ ઇદ્રપ્રદ, ચૌદ ભુવનકો રાજ,
મેઘા મુજકુ મત મીલો મીલીયો સત સમાજ......૩૮૮
ધ્રુવપદ અજપદ ઇદ્રપદ, ચૌદ ભુવનના કોસ;
તેથી તૃષ્ણા ના મટે, મટે મળ્યે સતોષ ૩૮૯
ધ્રુવપદ અજપદ ઇદ્રપદ, પામ્યે પણુ નહી સુખ;
સુખ સાચુ સત્સગમા, મળે શ્રીવર સનમુખ ૩૯૦
પ્રેમી આ પૃથ્વી વીષે, નહિ કોઇ પૃથુ સમાન;
હરિરસ પીવા જેમણે, માગ્યા હજાર કાન ૩૯૧
સબી જગ્ન મેરાગુરૂ, મે હુ સબકા દાસ,
મેઘાકુ ગુરૂ મત કહો, હોતા અતિ ઉદાસ.. ...૩૯૨
સારગ્રાહિ તે સત છે, અસાર ગ્રાહિ અસત,
મલાક ભજીયે મેઘજી, તજીયે તૃષ્ણા તન.. .. ...૩૯૩
મેઘા મન નક્કી સમજ, જેવો હોય સ્વભાવ,
મુવાપછી બીજે ભવે, તેવા સ્થળમા જાવ. ૩૯૪
જબ સદ્દગુરૂ કરૂણા કરે, તબ હિર્દે રહે આઇ,
સત્ય અસત્ય મેઘજી, તબ સત્વર સમુઝાય..... ...૩૯૫
કટુવચન કહે કોઇતો, સાખો સમતા સાથ,
મેઘા વિઘ્ન વરોટતા, મળે વિશ્વનો નાથ.. ......૩૯૬

લઘુતા વિણુ પ્રભુતા નહિં, દુ ખ વિના નહિં સુખ;
કસણી વિણુ કંચન નહિં, કહે મેઘજી મુખ.. ...૩૯૭
મેઘ ગર્જતા મેઘજી, મરે કેશરિ જેમ;
રામનામ હરિ ગુણુ સુણ્યે, બળે પાપ સહુ તેમ...૩૯૮
મેઘ ગર્જના સાભળી સિંઘ પછાડે શીશ,
તેમ કુવાક્ય સુણ્યા થકી મતકર મેઘારિશ........ ૩૯૯
મેઘ ગર્જતા મેઘજી, મરે કેશરિ જેમ;
દુર્જન વચન શ્રવણુ થતા, બળે મુર્ખજન તેમ......૪૦૦

દશક (૪) થું (૧૦) મણિનો થોક.

(૩૧) ધર્મના ઝગડા તજવા વિષે—(મનહરછંદ.)

મુકી મત્ મતાતરો, પ્રભુપ્રીત પુરિકરો;
ધરો હામ ધરમની, પ્રેમે ચિત્ત પ્રોઇને.
જેને જે ગમે તે સેવો, સદારાખી શુચિહેવા;
નામનો અનેક એકઇશ જગમાજ છે.
શ્હેર એક જુદી જુદી સડકે જવાય જેમ;
તેમ ધણી એક પણુ ધરમ અનેક છે,
માટે મન ચુકી જાપ મુકી જગડા ન કરો.
મેઘા મનવાણી કર્મ થકી ધર્મ હામ ધરો;

(૩૨) રામ નામ વિષે—(મનહરછંદ.)

રામ રામ કરિ જશે તે જરૂર તરિ જશે,
ઠીક ઠામે ઠરિ જશે પાછો પડશે નહિ;
વેદ પોથિ ને પુરાણુ કરેછે તેના વખાણુ,
શેષને મહેશ શારદાએ કરેછે સહિ;
ઇતત્વ ઉત્તમ તજી વિશ્વાસ કરે ન હજી,

મેઘજી કહે જરૂર જમપુર જાય તે;
મરે અવતરે અથડાય એમ ઉંધી મતેં,
કોટિ કષ્ટ સહિ સહિ પાપી પાછા થાયછે;

(૩૩) ક્રોધ તજવા વિષેં—(મનહરછંદ.)

મેધા મનધીર ધરિ મુખસે ભજીલે હરિ,
જાના હૈ જરૂર મરિ એક દીન આપકાં,
વિચારિ વિચારિ કે વચનકો ઉચ્ચાર કર,
જાન સબ જગત જરૂર જગ બાપકો,
કબહુ કોઇકકો તુ દીલ્લ નદૃભાવ ભાઇ.
આપકે આતમ સમ સબહિકો જાંનીએ;
સીતારામ સીતારામ સદાહિ રટણ કરિ,
કબહુક કોઈ પર ક્રોધ નહિ આનીએ.

(૩૪) દુરિજન સ્વભાવ વિષેં—(મનહરછંદ.)

દુરિજન કોઇમાં ન દોષ કાઢયા વિના રહે,
લાજ વાળા પુરૂષને જડ જેવો કહેછે;
વ્રતમા રૂચી વાળાને દંભી દીલ માહી લહે,
પવિત્ર પુરૂષને તે ધુર્ત જન કહેછે;
શુરને નિર્દય, સરલને બેવકુફ કહે,
પ્રીય બોલનારને તે દીન જન કહેછે;
બોલવામા ચતુરને બહુબોલો એમ કહે,
તેજસ્વીને ગર્વિષ્ટ એ દુરિજન કહેછે;
ઠરેલાને અશક્ત, ભક્તને એ ભીખારિ કહે,
કોઇ ગુણવાનને ન દોષ વિના દેખેછે;
માટે મેઘજી દુરિજનની નીંદાથી ન ડરિ,
શ્રીહરિને સ્નેહેં ભજો એમ આજે કહેછે;

(૩૫) સારાં કામ જલ્દી કરવા વિષે—'મનહરછંદ.)

લોકો કહે સારા કામ આડાં સો વિઘન પણ,
સમજીને કરે તેને કાંઇ નવ નડેછે,
સામટાની સલાહ લઇ સારૂ કાર્ય કરે તેને,
વચમા વિઘન કાઇક પણ આવી પડેછે;
સારૂ કાર્ય કરવામા કોઇની સલાહ નલ્યેને,
સહસા ત્વરાથિ કરે તો તે પાર પડેછે,
જુદા જુદાં જનને જઇને પુછવાથી,
જુદા જુદા મત મતાંતરે વિઘ્ન તેમાં પડેછે;
ચોરિ છિનાળિકે ખુન કરેછે હરામખોર,
કોઇની સલાહ નલેતાં સહસા તે ધાયછે;
તો તેનુ કાર્ય તે વિનાં વિઘન સફળથાય,
સહુને સલાહ પુછે તો સિદ્ધ તે ન થાયછે,
આમ સમજીને શુભ કામની સલાહ ન પુછ,
અશુભ કામની સલાહ અનેક ને પુછીએ,
જેથી માહા કામમા વિઘ્ન પડે મેઘજીતો,
સારા કામમાં સહસા કરિ ઝટ ખુચિએ;

(૩૬) સત્સંગ તથા કુસંગ વિષે—(મનહરછંદ.)

જેમ ક્ષીર ભોજનમાં શરકરા નાખવાથી,
સુંદર મધુરતા મીઠીમીઠી જણાયછે;
તેમ અધિકારિ ઉર સતસંગને સેવેતો,
દીન પ્રતિ દીન તેની સ્થીતિ સારિ થાયછે;
પણ ક્ષીર ભોજનમાં ક્ષાર રસ રેડવાથી,

દુધફાટિ ફોદા થઇને બગડી જાય છે;
તેમ, જપ, તપ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, ને, યોગ,
તેમાં કુસ ગ ભળ્યે પાછુ પડી જવાય છે,
એમ સમજીને દુધપાકરૂપી દીલ વિશે,
કુસ ગરૂપી લુણને કણ નહિ નાખજો,
દીલરૂપી દુધપાકમા, સાકરરૂપ સત, સ ગ,
મેળવિ મેધા મધુર કરી ચાખજો.

(૩૭) વિષયમાં આશક્ત વિષે-(મનહર છંદ.)

અ ગ અલ કાર તો અનેક અચ્છે અચ્છે ધરે,
કરે બહુ વિષયકી વાત મુસકાયકે,
કરે તન તેજવાન અત્તર લગાય કરિ,
ફરે શ્વેત કપ્પડ અ ગપર લગાયકે,
બગલેકિ માફક બડાહિ રૂપવાન બને,
મનમેસિ મચ્છીકા-શિકાર ચિતવાયકે,
ધીક હે દ્ધિ કાર એમે મલીન વાલેકુ,
મેધજી કહે મરો કટારિ પેટ ખાયકે.

(૩૮) મનના શણગાર વિષે-(સવૈયો)

મન શણગાર કિયે બિન તન શણગાર કરે સોઇ જાન દીવાનો
મુખપર બકી મુછ હઈ સોઇ પુછ અજાવર કોહિ પ્રમાનો,
હે લોલીન વિષયવશ જોમન સો નરતન, રતન, બીગાર્યો,
મન શણુકાર કિયે બીન માનવતન વૃથાહિ પશુવત ધાર્યો,
લખચોરાસિ યોનિમે મનબિગર્યો સો નર્તનમે, ન, સુધાર્યો,
મેધા માનવ દેહ મિલી તોઉ નફટ નરકકે માર્ગ સુધાર્યો.

(૩૯) સદ્‌ગુરૂ શ્રીમાં વિશ્વાસ વિષે-(સવૈયો)

ઉર માંહિ વસિ નરસિંહ ગુરૂશ્રી કહે, સુન—
મેઘજી મેરિતુ બાની,
જાદીનસે તુજે મત્ર દીયા, તાદીનસે અનુભવ—
દેખ પિછાનિ;
તાહિ પિછે તુ ઔરકા આશ્રય, લેનેકુ ઉરમે—
શોચ વિચારિ,
કયા કમી હૈ તુજકે અનુભવમે, વૈભવ દેખ—
ન કર જખ મારિ

(૪૦) રાજા કોણ તે વિષે-(કવિત.)

રાજનમે ભક્તારાજ ઔર રાજ રામ હૈ,
અન્યરાજ અલ્પકાલ જુઠ્ઠી જજાલ હૈ.
ચેત ચેત ચિત્તમે તુ રાજન રખ રામહૃદય,
મેઘજી કહત અંત કાલ તો નિહાલ હૈ.

(દોહા) શતક (૫) મું (૧૦૦) મોતિની, સેર

વીર્ય બાંદુ પરયોનીમા, પડી જાય જો એક;
તેથી સુકૃત મેઘજી, સળગી જાય અનેક............૪૦૧
દેહ નિભાવાની દવા, અન્ન ઔષધ છે એક;
એમ સમજીને મેઘજી, તજીએ સ્વાદ અનેક........ ૪૦૨
ખોજા ખાનુ ખોજજે, અંદરનુ તું આજ;
ઉપર ખાને ઉભીને, માત્ર ન કરિશ અવાજ........ ૪૦૩
પુષ્ટિ માર્ગમા પેસતો, તજજે દુષ્ટિ કામ;

ફેગટનો ફુલાઇને, લજ્જાવિશ માં નામ..............૪૦૪
શેવી દીક્ષા ધાર્યતો, કર સૌનુ કલ્યાણ.
શાન્તિ દાન્તિ દીલ દયા, રાખી લૈ લે લ્હાણુ ૪૦૫
શ્રી વૈષ્ણવ થૈ મેઘજી, કરજે સૌનુ શ્રેય;
દુઃખ ન દઇશ કોઇને, રહે જે તુ નિસ્પ્રેય ૪૦૬
મનવા, મનવા, મત કરો, કર વામન, વામન;
બળિયો બળિયે બાંધીયો, વિશ્વપતિ વામન.........૪૦૭
અહાર, ઉંધ, મૈથુન, ભય, ચાર પશુનાં કમ;
હરિ સ્મરણ સત્સગએ, મુખ્ય મનુષ્યના ધર્મ......૪૦૮
તાબે રહિ મધરાણિને, કામે લાખ્ખો માખ્ય;
તેમ મીલમાં મજુર છે, શેઠ ગર્વશું રાખ્ય........૪૦૯
મુખ્ય મોહ માયા તણી મુર્તિ, સ્રીનુ–તન;
તેથિ દુર રહિ મેત્રજી કરિ લે પ્રભુ ભજન.........૪૧૦
હરિની માયા મેઘજી, સહુમા રહિ ફેલાય;
સત્ય અસત્ય શ્રી નાથની, કૃપા વિના ન કળાય......૪૧૧
મન શુદ્ધિ સતોષથિ, તન શુદ્ધિ છે શ્નાન,
ભુમિ શુદ્ધ ગૌ, ગોબરે, ધન શુદ્ધિ છે દાન. ૪૧૨
જેવો માલ ભર્યો હશે, મન દુકાન મોઝાર,
તેવો મેઘા મુખ થકી, નીકળે વાણી દ્વાર ૪૧૩
દયા નિતિને સત્યથી, સારૂ કરશો કામ;
તો તો રહેશે આપની ઉપર રાજી રામ.............૪૧૪
નીતે બરકત એવડી, જય સત્યનો સદાય,
અજય અનિતિનો અને, અસત્ય છે દુખદાય ૪૧૫

ટિલાંની તકરારમાં, લડી મરે સંસાર;
મેઘા મન મજબુત કરી, સમર્યાકર કીરતાર.. ......૪૧૬
ક્ષણુ ક્ષણુ ક્ષર થૈ જાય છે, આયુષનો અંબાર;
સંસારેથી મેઘજી, છણી કાઢય તુ સાર.. ....૪૧૭
વાંકું અંગ અષ્ટવક્રનુ, પાતળે અંગ પ્રહ્લાદ,
ધ્રુજતુ અંગ ધ્રુવનુ છતાં, મન પામ્યાં અહ્લાદ......૪૧૮
જંખ મારે મર જગબંધુ, નહિ છોડું હરિ નામ;
રામ વિના મરવા વખત, કોઈ ન આવે કામ......૪૧૯
આસવના જળ જેવુ છે, જગ વૈભવનું સુખ;
તે માટે તુ મેઘજી, રામ રટયાકર મુખ............૪૨૦
છોડી પર પંચાતને, કર તારિ પંચાત;
મન તપાસમા મેઘજી, લાગી જા દીન રાત.........૪૨૧
સંત સ્વાતિનાં બીંદુ જો, ચાતક ચિતમા જાય;
તેનાં મોઘાં મેઘજી, સાચાં મોતિ થાય...............૪૨૨
સંત શ્રી મુખસે બહત હૈ, બચન ગંગકી ધાર;
મહાદેવ સમ મેઘજી, ઝીલે કર્ણ મુઝાર ૪૨૩
કૃષ્ણુ નામ કલિયુગ વિશે, છે મોટિ-મનવાર;
સમરિ સાચા સ્નેહથી, ઉતરિજા ભવપાર.............૪૨૪
મેઘાની મીલ્કતતણો, કરજો સહુ ઉપયોગ;
હરિજન હોંશે વાપરો, સફળ થશે ઉદ્યોગ ૪૨૫
મેઘાની મલ્કત નથિ લૌકીક નાણા નોટ;
અલૌકીક ઉપયોગની, ખર્ચે પડે ન ખોટ ૪૨૬
એક વખત કર અહાર તો, પડે ભજનની બ્હાર;

બીજી વખત જમવા થકી, નડે પ્રમાદ વિકાર ૪૨૭
કામ વધારે કામની, દામ હરીલેનાર;
કરે મલીમ મન મેધજી, અ ગ ચુસે છીનાળ.........૪૨૮
જો બીજ બગડે મેવજી, તો બગડે તે ચીજ;
માટે મન તન બીજને, સુધાર્યે કરિ તજવિજ.. ...૪૨૯
જબર જુલમ જરદે કર્યો, પેઠો સહુ મુખ માય,
સુકો ભુકો જીવાતનો, સૌ સ્નેહેથી ખાય ૪૩૦
બન સમાન જોબન અરૂ, વ્યાઘ્રરૂપ પરનાર;
ખડુા ખરાબ દૌસ્તી, હરિસુમરન હથિયાર.........૪૩૧
બાલ વૃદ્ધ વયમે નહિ, ભય મેવજી લગાર;
જોબનમે હુશિયારિ રખ, લુટે નહિ પર નાર......૪૩૨
હાડ ચામની મુર્તિને, અહં બ્રહ્મ મતમાન;
આત્માની અ દર વશ્યો પરિ બ્રહ્મ ભગવાન. ૪૩૩
દમ દમ હરિભજી મેધજી, સુધાર્યં સધળો દન,
એક એક દીવસ જતા સુધરિ જશે જીવન ૪૩૪

॥श्रृति ॥अन्य वाणि विमुपथ॥

શ્રૃતિ શાસન શિર ધારિને, બીજી વાણીકર બધ;
રામ નામથી મેવજી, સદાય રાખ્ય સબધ ૩૩૫
સર્વ ચહે આનદને, છોડી સત્ચ્ચીદાનદ,
મેધામન હરિનેરળે, તોજ મળે આનદ ૩૩૬
વનથી વધે હરી ભુવન, જોનીજ મન હોયહાથ;
વન વિચરો મત મેધજી, મન રાખો હરિ સાથ....૪૩૭
પીર હુ પૈસાદારનો, ગરિબનો હું ગુલામ;

તન મન વારૂ તે ઉપર, જેને વ્હાલા રામ ૩૩૮
અભિમાનથી અલગ છુ, નીર્માની પાસ;
નારાયણને જે ભજે, તેનો અનન્યદાસ. ૩૩૯
દુર રહુ પૈસાદારથી, કરૂ ગરિબની સેવ,
રિઝવવા શ્રીરામને, એવિ મુજને ટેવ ૩૪૦

રાજાકે ધનવાનથી, ડરૂ ન મનમા લેશ;
ડરૂ ગરિબ નિશ્વાસથી, રખે રૂઠે પરમેશ ૩૪૧
નિસ્પ્રેહિ રહિ સંતજન, ધ્યે સૌજનને માન,
પૈસાના અભિમાનિને, માને તૃણ સમાન. ૪૪૨
ડરે ન પૈસાદારથી કરે ન તેની શેવ;
ફરે મસ્ત હરિ ભજનમાં, તે મેત્રાને ટેવ ૪૪૩
પર્વા પૈસાદારની, મેત્રા મનેં ન લેશ ૪૪૪
પર્વા પ્રભુના નામની, સેવુ સત હમેશ ૪૪૫

કદુવા લૈને કેફની, દવાદાડી તુ ખાય;
પીયજા બાવિસ બાટલી, તો પણ રોગ ન જાય ૪૪૬
અસતજન બહુદામ લઇ, દવાદીયે દીન રાત,
સત શ્રીવરનું નામ લઈ, દુવા દીયે ભલિ ભાત ...૪૪૭
હરિજનનિ હેતે દુવા, લોભી લીયે ન લેશ;
ડાકટર ના ઘરની દવા, ખાય ખમીને કલેશ.......૪૪૮
ધીરજ ના ફળ પાકતા, મળશે મીઠા દ્રાખ;
કાચા કડવા નીપજે, મેઘા ધીરજ રાખ.............૪૪૯
શુધ કચનનુ પાત્ર છે, હરિ અર્ચા અપરિખ;
આવે રકીક હાથતો, તેમા માગે ભીખ ૪૫૦

ઠરેલ મનને જાણજો, બહુ જામેલુ ઘ્રત;
અતિ કુસંગ શ્રી અગ્નિથી, ઓગળિજાય તુરત.......૩૫૧
મેધા તન ઘરનીં વિશે, જીવ ભાડે રહેનાર;
બુદ્ધિ શ્રી મન છોકરૂ, ઘરધણી વિશ્વાધાર,........૪૫૨
લખ ચોરાસી ખોલિનો, છે શ્રીવર સરકાર;
કર્મ ભાડુ આપી અને, જીવ ભાડે રહેનાર.........૪૫૩
પૈસાદારની પક્ષમા, પ્રભુરહે નહિલેશ;
ફરે ગરિબને ગોતતા, રચે વિધવિધ વેશ......... .૪૫૪
ધરણીધર ધનવાનનુ, ધ્યાન કરે નહિં લેશ;
ગરિબડા ગુરૂભક્તની, સામુ જુવે વિશેશ.............૪૫૫
ક્ષીરભોજનમે ક્ષાર રસ, સમજો સોઇ કુસગ;
ક્ષીરભોજનમે શર્કરા મેધા સમજ સુસગ. ૪૫૬
દીલરૂપી દુધપાકમા, સાકર રૂપ સત્સગ;
મીઠાની મુઠી સમજ, મેધા કાઇક કુસગ............૪૫૭
પ્રભુતામા પીડા ઘણી, લઘુતામા છે લ્હેર;
પ્રભુતાથી પ્રભુ દુરને, લઘુતાથી હરિ ઘેર ૪૫૮
ગુરૂ થવામા ગુણ નથી, શિષ્ય થવામા સાર;
ગુરૂ રહે અભિમાનમા, શિષ્ય થાય ભવપાર..... ...૪૫૯
ગુહ્ય વાક્ય આ વેદના, દોહામા દર્શાય;
વાંચીને વર્તન કર્યે, સાચો અર્થ સધાય ૪૬૦
દક્ષિણાયનના સુર્યમા, તજે મહત્જન પ્રણ,
તેનો નિવાસ પ્રેમજી, ચદ્રલોકમા જાણ......... . ૪૬૧
ઉત્તરાયનના સુર્યમાં, તજે મહત્જન પ્રાણ;

તેનો નિવાસ મેઘજી, બ્રહ્મલોક નિર્વાણુ ૪૬૨
બ્રહ્મલોકમાં જાય તે, પછી ન પાછો થાય;
ચદ્રલોકમા જાય તે, પુણ્ય ખુટયે કલ્પાય............૪૬૩
મેઘ મન અન્ન તત્વનુ, તેજ–તત્વનીં, વાણુ;
ઉપનિષદ્ એવુ વદે, પાણી તત્વના પ્રાણુ........ .. ૪૬૪
દો દીનકા દીવાન તુ, મત કર મુઢ ગુમાન;
પ્રાણુ પલકમે જાયગા, હોગા બદીવાન.. ....૪૬૫
જ્ઞાનિ તરિયા હોતતો, પતિને પુરો લ્હાવ;
નહિ તો તરિયા મેઘજી, સમજો તરિયો તાવ... . .. ૪૬૬
ચિત્ત, વિત્ત, ને, વિર્ય, એ, ત્રણે નારિ લઇ જાય,
આેથી દુર રહે મેઘજી, તે સમજુ કહેવાય ૪૬૭
નથી સાર તકરારમા, સપ ત્યહા છે સુખ;
નમે તે પ્રભુને ગમે, કહે મેઘજી મુખ ૪૬૮
ધર્મ જુદા ધર્ણી વિષે, પણ પરમશ્વર એક;
જુદા જગતપતિ હોયતો, તજે રૂતુઓ ટેક......... ..૪૬૯
છે શ્રીમદ્ ભગ્વદ્ગીતા, સર્વ ધર્મમા માન્ય,
તે કહેનાર શ્રી કૃષ્ણુને, શ્રેષ્ટ સર્વથી માન્ય ૪૭૦
રામકૃષ્ણુ નારાયણા, બ્રહ્મ કહેછે કોય;
નીરાકાર સાકારના, અનેક નામો હોય ૪૭૧
દ્વૈત અને અદ્વૈતમા, લડીમરે મર લોક;
તારે તરવુ હોય તો, રટજે રામ છચોક......... ..૪૭૨
હોટલ નાટક નાયકા, ને પાપીથી પ્રીત,
તેની જમના દ્વારમા, જોઇ નથી મેઝોત......... ..૪૭૩

ચન્દનના વેપારિથિ, ચામડુ ન વેચાય,
તેમ સત્ય શ્રી વૈષ્ણવો, વિશય માર્ગ ન ન્હાય.......૪૭૪
હીરાના વેપારિથી, હાડકા ન વેચાય,
તેમ હરિજનનથી પછી, હોટલમા ન જવાય . ૪૭૫
પ્રથમ કરીએ તોલને, પછી બોલીએ બોલ,
પરીણામ પહીચાણીને, વદીએ બોલ અમોલ ૪૭૬
મેઘા મજુર હજુર અને હજુર મજુર થૈ જાય,
કર્મ પ્રમાણે ફળ મલે, એ ઇશ્વરને ન્યાય ૪૭૭
બને શેઠીયા વેઠીયા, શેઠ વેઠીયા થાય,
કરેલ કર્મો ભોગવે, એ ઇશ્વરને ન્યાય ૪૭૮
સદ્ વિચાર રૂપ માખિથિ, મોક્ષરૂપી, મધ, થાય,
દુર વ્યસને રૂપ વાઘરી, ધુમ્ર કરિ લૈજાય ૪૭૯
બીડી ધુમ્રથિ રદયનુ, કમળ જાય સુકાય,
માટે કહેછે મેઘજી, બીડી પ્યોમા ભાય, ...૪૮૦
તન નહિ પણ મન પુષ્ટજો, બને દીન પ્રતિદીન;
તેને પુષ્ટિ માર્ગમા, સમજો સત્ય પ્રવિણ ૪૮૧
મુવા મુવા સંકોચ કહે, પણ સો પાછા થાય.
મુ૦ બાધેલા અક્ષરે, મુકામ, વા, કહેવાય. ૪૮૨
મેઘા મન જમા રહે, તેવુ જીવન થાય,
માટે પ્રભુમા રાખ્યતો, પ્રભુ સમ સુખ પમાય .. ૪૮૩
અતે મન જેમા રહે, તેવુ તન ત્યા થાય.
મેઘામન નક્કી સમજ, રસ બીઆને ન્યાય ૪૮૪
પ્રભુ ભજ્યાવિણ મેઘજી, પાપી પાછા થાય,
મરે અવતરે ઉચનીચયોનીમા અથડાય .... .૪૮૫

મેધા માનવ સૌમરે, સદા જીવે નહીં કોય;
પણ હરિને ભજીનેં મરે, તેને મુક્તિ હોય..........૪૮૬
હિતકારક હરિનામ છે, ઔષધ રૂપ અપાર;
દુઃખ શોક સંસારથી, છેરક્ષણ કરનાર.............૪૮૭
ઉર્દુ ગુર્જર ફારસી, વિદ્યાભણ્યો વિશેક;
બ્રહ્મ વિધ્યા વિણ મેધજી, મટે ન જન્મ અનેક ૪૮૮
સમુદ્રમાં સરિતા મળે, પછી ન નોખા થાય;
તેમ જીવ પ્રભુમાં મળે, તે નહિં જગમાં જાય.......૪૮૯
મેધા મન હનુમાન છે, સૌના તનની સાથ,
રામ વિમુખ અભિમુખની, ખબર લીયે દીનરાત......૪૯૦
જીવ જગપતીની જાત છે, જેમ મીઠાંની ગાઠ;
પડે પ્રભુ રૂપ સીંધુમા, તો પામે તે ઠાઠ..... ......૪૯૧
જીવ મીઠાની ગાંઠજો, શાખ ભાજીમાં જાય;
તો મનુષ્ય તે ખાયને, અતે વિષ્ટા થાય...........૪૯૨
શાખ ભાજી રૂપ વિષયમા, મીઠાં રૂપ જીવ જાય;
જનરૂપ યમ તેને જમે, ગર્ક નર્કમાં થાય....... ...૪૯૩
મેધામન જેમાં રહે, તેવુ તન ત્યા થાય;
ભરત મૃગ થયા તે રિતે, તન બીજ મન સમજાય. ૪૯૪
કમ, ખા, ગમ્મ, ખા, ક્રોદ્ધ તજ, ભજ રઘુવર ભરપુર;
મેધાઇતના માનતો, દુ.ખ હોજાવે દુર...............૪૯૫
ચિત્ત વિત્ત જોબન જીવન, પલમા પલટિ જાય;
મોક્ષ ન સાધે તે થકી, તે મુરખ કહેવાય..........૪૯૬
નહિ કુલિન કે કર પદમ, કુલહિન પિછલન પુછ;
મુખ બચનોસે મેધજી, જાનિ લિયો નિચ ઉચ્ચ.....૪૯૭
ચિભડાં જલ્દી થાય છે, શ્રીફલ મેડાં થાય,

ચિભડાં ચાલે ચાર માસ, શ્રીફળ મળે સદાય.......૪૯૮
અન્યદેવની ભક્તિનાં, ફળ ચિભડાં સમજાય;
શ્રીપતિનીં ભક્તિ તણાં ફળ શ્રીફળ સમ થાય;.....૪૯૯
જબ ચાતક રૂપ ચિત બને, મીલે સ્વાતિ રૂપ સંત;
બચન બીંદુસે મઘજી, મુક્તા પકે અનંત...........૫૦૦

દશક (૫) મું (૧૦) મણિનો થોક.

સંતની સાથબી વિષે--(સવૈયો)

અલખ અમીરિ સદા ફકિરી,
ચાર ખુંટમે હૈ જાગીરી,
મુલક અમીરી, કોન ભિચારી;
સદા સંત નિશ્ચીંત હજુરિ.
જહા જાવે વહા ઠાઠ જમાવે;
મજા મેઘજી મિલ ગઇ ભુરી,
સદ્ગુરૂશ્રી નૃસિંહ કૃપસે;
દુ:ખ શોક સબ હો ગયે દુરી.

(૪૨) સર્વમાં આત્મ દ્રષ્ટિ વિષે-(સવૈયો.)

ચાહે નીંદો ચાહે વંદો;
ચાહે ચુપ રહો સબ બંદા,
નીંદન લાયક દેહ હમારા;
આતમરામ હે અખંડા,
મન બુદ્ધિ મજબુત રહેતો.
કહા કરેગા ક્રોધી બડા;
મેઘજીકા મન મગ્ન સદા રહે,
અબતો પ્રભુ પ્રતાપ અનંદા.

(૪૩) હોટલમાં ન જવા વિષે (મનહર છંદ.)

હોટલ વટલવાની ઓફિસ બની છે એક,
અનેક અજ્ઞાન વાન એમાં નીત જાય છે.................૧
રકાબીમાં પુડી લઈ ઓહા કોપ હાથ ગ્રહી,
દાઢિઆં દઈ અનીવેદિત નિત ખાય છે.................૨
અન્યના પીધેલ પ્યાલા મોયેં માંડે મુઢ ઘેલા,
પાછા બધાના ડુચેલા ડોલચીમાં ધોય છે.................૩
છાકટાઓ હળિ મળિ હોટલમા જાય ભળિ,
તાળિ દઈ એક બીજા ઠઠ્ઠામાં ઠગાય છે.................૪
ખાવુ પીવુ ત્યાં વિકારિ, ગાવુ ચાવુ ત્યાં વિકારી,
નરકના અધિકારિ ઉમંગે ત્યાં ધાય છે.................૫
નાટક, હોટલ, અને નાયકાના ગાન ગમે,
એમાં ગુલતાન ભમે તે નરકેં જાય છે.................૬
મેઘજી કહે છે માન્ય, મુકિ દે વ્યસન અન્ય,
ભજન વ્યસન કર તો તુ મારો ભાય છે.................૭

(૪૪) નિર્ભયતા વિષે, (મનહર છંદ.)

ભોગમા છે રોગ ભય, સુખમાં છે ક્ષયભય;
વિત્તમાં રાજા અગ્ની કે ચોર ભય ભાસે છે.................૧
વિદ્યામાં વિવાદ ભય, રૂપમાં કુરૂપ ભય;
વ્હાલિ વસ્તુમાં વિયોગ તણો ભય ભાંસે છે.................૨
રણમાં રિપુનો ભય, શરિરે મરણ ભય;
ભયથિ ભરેલુ જગત જરૂર ભાંસે છે.................૩
અભય ઇશ્વર પદ, વિષ્ણુના વૈકુંઠે હદ;
મેઘજી મુકિને મદ, તેથિ તેને યાચે છે.................૪

(૪૫) ગુપ્તજ્ઞાન વિષે (મનહરછંદ)

વિર્યના, ટકાવથિ સુબુદ્ધિમાં વધારો થાય;
સત્ય વદવાથી વચન સિદ્ધિ પમાય છે...............૧
અહિંસા પાળ્યાથિ હિંસક પ્રાણી નિર્વૈર થાય;
પર ધનના અભાવે ધન પ્રાપ્તો થાય છે....... ....૨
દ્રઢ સંતોષથિ ગયા જનમોનું જ્ઞાન થાય;
વિક્ષેપ નિવૃત્તિથિ રોગ નિવૃત્તિ થાય છે ૩
શ્રીહરિના ધ્યાનથિ વિક્ષેપનિં નિવૃત્તિ થાય;
મેઘજી મહા પુરૂષો આમ કહ્યાં જાય છે................૪

(૪૬) અભિમાનિ વિષે (મનહરછંદ)

જૈસેં ભાદોં માસકે બીડે ફુલુઇ ફુટગયે;
બઢકો કહે હટ્ મેં તુઝે મારડાલુગા...................૧
ઐસે અભિમાનિ લોક અભિતો અક્કડ ફિરે;
સંતનકો કહે હટ્ હટ્ મારડાલુગા ૨
જૈસેં આસો માસ આયા ભાદોં કા બીડા સુકાયા;
તૈસેં અભિમાનિ કાયા અત દુ:ખિ હોત હૈં...........૩
મેઘજી સંતોકો અત સબ દુ:ખ દુર હોવે;
વૈકુંઠમે વાકો સુખ સદા, દિવ્ય બહુત હૈં............૪
બટ રૂપ બનિ કે તું, દીલમે ધીરજ ધર;
બીડેકિ, ભુંડાય આપો આપ સુક જાયગી............૫
આસો માસ અંતકાલ હોવેગે જુડે હવાલ;
બનિ જાવેગા કંગાલ દીનતા દિખાયગી...............૬

(૪૭) સંગ તેવા ઢંગ વિશે (મનહરછંદ.)

સ્વાતિનક્ષત્રનું, જળ જુઓ આપે કેવું ફળ;
છીપમાં પડેતો તેનાં સાચાં મોતિ થાય છે............૧
કદલિ વનમા જાય તો તેનું કપુર થાય;
ભુજગને મુખ જાય તેનું વિખ થાય છે............૨
સ્વાંતિ જળ રૂપ ચિત્ત તેને થાય જેવી પ્રિત;
સગતે વા ઢગ પછી તેના બનિ જાયછે..............૩
મેઘજી મનન, કર સત્સગે ચિત્ત ધર;
કુસંગે ચિત્ત રોકયાથિ, વિપરિત થાય છે............૪

(૪૮) જોબન, ગહન વન, વિશે (મનહરછંદ.)

જોબન, ગહન, બન, વામેં આવે જબ જન;
તબતો વૈરાગ્ય વાન સાથ કોઈ ચાહિયે..............૧
એસે સાથ સત લોક, કોટિમે મિલત કોક;
કરિકે પ્રયાસ ખાસ મિલનાહિં ચાહિયે..............૨
અનંત પ્રસાદભાઇ, ઔર રઘુનાથ સ્વામી;
મેઘજીકો મિલે ગુરૂ, એસા સાથ ચાહિયે..............૩

(૪૯) જોબન વિષે=સવૈયા=)

અચ્છા બુરા, જોબનેસો બને જોબનમેં;
બાલવૃદ્ધમે બુદ્ધિ વૃદ્ધિ નહિ હોત હૈં...............૧
જોબનકું પાયકે જો, બનોકે પશુકે સદશ;
અજ્ઞાનિ રહેવે સો અત દુઃખિ હોત હૈ..............૨

જોબનહે, સો બનહૈ બનમેં નભુલાપડ;
બોમિયેકિ જરૂત જોબનમે બહુત હૈ.....................૩
બોમિયે હૈ ભક્તજન, મીલજાવે ઉન્સે મન;
તો નિર્વિંઘન બન બાટ બિત જાતિ હૈ ૪
મિલેકુંસંગી, કિરાત, સિંહણુ પગનારિ સાથ;
જીવ જહાંનકિ તો ઘાત આપો આપ હોતિ હૈ ૫
સધન, જોબન,બનવામેં સમાલિકે ચલે, ખુબ;
આબેહુબ આગે સિદ્ધિ સાયબી દિખાતિ હૈ ૬
મન મુખિ બનજાન, મેઘજી તુ જોબનમે;
સધન ગહનબન જોબનમે સંત સાથ ચહિએં..........૯

(૫૦) આ પુસ્તક વિષે'= (મનહરછંદ.)

પાટિદાર હાર છે પવિત્ર આ, મણિજડિત;
મનન કર્યેથી મુજ દિલને દિપાવશે.....................૧
મન, ન, કરિશ તો તો મુરખજ રહિશ અને;
મનન, કરિશ તો મોક્ષદ ગ્નાન આવશે..................૨
ચાહે તો, મનન, કરૂં, ચાહેતો, મન, ન, કરૂ;
ઇચ્છા અનુસાર, સાર, લેવો મને ફાવશે.............
મનન કરિશ તો જરૂર મોક્ષ મેળવવા;
પાટિદાર હાર મ્હારા મનને, લોભાવશે...............

(દોહરો.)

ગુરૂકૃપાથિ પુર્ણ્યો, મણિમુક્તાનો હાર;
યતિશ, શ્રી, શ્રીઈશને વંદુ વારંવાર.

(હવે, હાર,ની અંતે આ, છેવટનું છોગું.)

(પ્રશ્નોત્તર) (પ્રશ્ન) (ઇતિ અષ્ટક.)

પવનમેં જાવે, ઔર, પાનિમેં આવે;
ઉન્કા કરે અર્થ, સો, કછુ, ઈનામ પાવે ૧

(અર્થ)

જીવ, જાય સૌ પવનમા, આવે પાણી માય;
કર્મ પ્રમાણે મેઘજી, કાયા પાછી થાય..................૨

(પ્રશ્ન)

આજુ બાજુ ઉપર ઔર, નીચે જલપુર;
બિચમે જન બસ્તી બસે, કીજે અર્થ ચતુર...........૩

(અર્થ)

પૃથ્વિ, ને ફરતો દીસે, સીધુ જલનો કોટ;
અખુટ જલ પાતાલમાં, ઉપર જલના ગોટ............૪

(પ્રશ્ન)

ચાર જાતિકે શરિરસેં જગત ભયા ભરપુર;
ચાર જાતિ વો કૌન હૈ, કીજે સ્પષ્ટ ચતુર...... ....૫

(અર્થ)

સ્વેદજ, અંડજ, ઉદ્ભીજ, ચોથિ, જરાયુજ, જાત,
ચાર જાતિ કે શરિર, યહાં શ્રૃષ્ટિ વિશેં દેખાત..........૬

(પ્રશ્ન)

એક વૃક્ષ ઐસા ભયા, મુલ ગયા આકાશ;
લતા, પતા, નીચે ભયા, કીજેં અર્થ પ્રકાશ...........૭

(અર્થ)

યહ શ્રૃષ્ટિ, રૂપ વૃક્ષકા, બ્રહ્મ લોકમે મુલ;
ડાલ, પતા, સંસાર સબ, અર્થ સ્પષ્ટ અનુકુલ........૮

માયરે ઉભેલા મુમુક્ષુ વરને મેઘજી ગોરે આપેલ માહિતી.

(લાવણી) સજન સેવો શ્રી રણછોડરાય,
દ્વારકાં બેટ ગોમતી માંય.—એ ઢબ.

માયરે ઉભો વર મોહોવાય, ચેતવે ગોર પોખણું સાય;—ટેક.
પરણવામાં સુખ નથી જરાય, પર્ણીને પુર્ણ પછી પષ્ટાય.
ધુસળ મુસળ ત્રાક રવાયો સરિયો કરમા સાય;
કહે આ પાચે તણો માર તુજ માથે પડશે ભાય......માયરે ૧
કરધરિ ધુસર કહે વખતસર ચેતી જાતુ ભાય,
નહિતો જગ જન્જાળ ધોસરૂ ચડશે કાધ સદાય;
કેમે કરિ નહિ પછી છુટાય, ચેતવે ગોર પોખણુ સાય. માયરે ૨
ત્રાક ધરિ કર કહે સુળિસમ વચને જઈશ વિધાય,
માટે હજી ભાગીને અહિથી પ્રભુ ભજીલે ભાય,
જેથી જટ જન્મ મરણ દુ:ખ જાય, ચેતવે ગોર પોખણું સાય.માયરે ૩
રવાય કરધરિ કહે કાળજાં વલોવશે આનાર,
માટે મુરખ મમત મુકીને હજી થૈજા હુશિયાર,
પ્યારથી વર્ય પ્રભુના પદમાંય, ચેતવે ગોર પોખણુ સાય ૪
સાબેલુ કર ધરિ સાનમા સમજાવુ છુ ભાય,
જન્મ મરણ રૂપી લીધામાં શીદ પડે લપટાય;
જઈશ તુ તેથી ખરે ખડાય, ચેતવે ગોર પોખણુ સાય......૫
સાઠાનો સરિયો કરધરિ કહે હજી સમજતું ભાય,

નહિંતર સાંઢાની પેઠે તું જઇશ પછી છોલાય;
હજી ચેતી જાતો સુખ થાય, ચેતવે ગોર પોખણું સાય.......૬

સુરને દુર્લભ નરની કાયા ફરિ ફરિ ન પમાય,
માટે મુરખા ચેતીને તું સમરીલે જગરાય;
એમ કહે ત્યાં, કરશો, તો થાય, ચેતવે ગોર પોખણુ સાય...૭

ગુરૂ રૂપ ગોરનું કેહેવું તે માને નહિં જરાય,
નાક તાણી કહે સાસુ નગટા સમજ સમજ મનમાંય;
ગુરૂ આગ્નાન નફ્ટ લોપાય, ચેતવે ગોર પોખણુ સાય.........૮

ગુરૂ આગ્નારૂપ સાંપટિયું, ત્યાં, ગોર મુકે તે વાર,
તો પણુ તેને ભાંગીને પરણે માયા રૂપ નાર;
જુવાનીના મદમાં મુસ્કાય, ચેતવે ગોર પોખણુ સાય.........૯

ઢોર વહિ છુટે તેમ ગોર આ કહિ છુટે છે ભાય,
ભરામણુ સાચી કરે સર્વને તે બ્રાહ્મણુ કહેવાય;
છતા પર્ણીને ભલેં પસ્તાય, ચેતવે ગોર પોખણુ સાય.......૧૦

મેઘો ગોર કહે મારે મતલબ નથી કાંઇયે ભાય,
પ્રભુ આગ્નાથી સમજાવું છુ ચેતો તો સુખ થાય;
નમાનો તો મારે નથી કાંય; ચેતવે ગોર પોખણુ સાય.......૧૧

વર તરફથી વિનંતિ કે.

તમે કહોછો તે ખરૂ પરંતુ ભર જુવાનીમા બ્રહ્મચર્ય શી રિને ક્ષેમકુશળ જળવાય તેનો કોય ઉપાય; ગોર કહે હા સાંભળો સાત કલમ કહિને સમજાવું.

ભર જુવાનીમાં બ્રહ્મચર્ય જાળવવાના ઉત્તમ ઉપાય;

કલમ-પહેલી=સ્ત્રીના અંગના સંગથી પુરૂષેને પુરૂષના અંગના સંગથી સ્ત્રીએ બહુ સાવધાનીથી દુર રહેવું;

કલમ-બીજી=સ્ત્રીના શરિરમાં પુરૂષને ને પુરૂષના શરિરમા સ્ત્રીને વૈરાગ્ય પ્રગટાવનારાં પુસ્તકોનું સદા સર્વદા વાંચન રાખવું;

કલમ-ત્રીજી=દરેક સ્વાસે શ્રી રામ નામનો જપ ત્થા ધ્યાન કરતા રહેવુ જ્યારે વખત મળે ત્યારે હૃદયમાં પોતાના ઇષ્ટ દેવની સાકાર મુર્તીની ધારણા કરિને તેમની માન્સીક સેવામાં નેત્રબંધ કરિ જોડાય જવુ;

કલમ-ચોથી=સ્ત્રીસબંધી પુરૂષે ને પુરૂષ સબંધી સ્ત્રીએં વાતો કરવિકે, સાંભળવિ નહિ ત્થા તેવાં વાંચન કે વિચાર પણ કરવા નહિ

કલમ-પાંચમી=બ્રહ્મચર્ય જાળવનાર જીજ્ઞાસુએ પોતાની મળમુત્ર ત્યાગવાની ઇદ્રિયોને મળમુત્ર ત્યાગવાના વખત સિવાય ક્ષણ પણ કચ્ચોટ સીવાય ખુલ્લી રાખવિ નહિં

કલમ-છઠ્ઠી=બ્રહ્મચર્ય જાળવવા ઇછનારાં મનુષ્યે એક હાથ પોહોળો ને ત્રણ હાથ લાંબો જાડાં કપડાંનો કટકો રાખવો; તેને કેડની શાથે એક આંટો દઇને નાભી આગળ એક ગાંઠ પાડવી; ને તેના બેઉ છેડા બરાબર ખેંચીને લંગોટ બીડવો; તેમની ઉપર જે વસ્ત્ર પહેરવાનો રિવાજ હોય તે પહેરવું; પરંતુ અંદર કચ્ચોટ સીવાય માત્ર ઉપરથીજ વસ્ત્ર પહેરિને ફરવાથી ઘણી રિતે નુકસાન છે;

કલમ-સતમી=સ્ત્રીએ કામી સ્ત્રીથી અને પુર્ષે કામી પુરૂષથી પણ દુર રહેવુ; અને સ્રીએ સતિ મીરાંબાઇ જેવિ આર્યાઓના ને પુરૂષે

સમર્થ શ્રીરામદાસ સ્વામી જેવા પવિત્ર પુરૂષોના ચરિત્ર વારંવાર વાંચવાંને વિચારવાં; એવિ રિતે અનુસરણ કરવાથી ભર જુવાનીમાં બ્રહ્મચર્ય સુખેથી જાળવિ સકાશે-પરંતુ ગાફલ રહિને સ્ત્રી પુરૂષના ને પુરૂષ સ્ત્રીના સહવાસમાં બેસવુ ઉઠવુ બોલવું ઠઠ્ઠા મસ્કરિ કરવિ વિગેરે અનુચિત વ્યવહારે વર્તવાથી ગમે તેવું દ્રઢ મન હશે અને ઇંદ્રિયોનો ભલેં જય કર્યો હશે તો પણ બ્રહ્મચર્ય ભંગ થયા વિના રહે તેમ સંભવતું નથી માટે વિવેકી મનુષ્યે અયોગ્ય વર્તન રાખવુ નહિ; એ ખાસ ભલામણ છે (દોહરો.) મન જેનું નિર્મળ થયુ; વ્રત્તિયે સૌ શાંત; એવાં જનનેજ જગતમાં, હિતકારિ એકાંત; (પરંતુ) મન જેનુ નિર્મળ નહિ; નહિ વ્રત્તિઓ શાંત; એવા જનને જગતમાં અહિત કરે એકાંત,=કારણ કે નીર્મળ મન વાળાંને એકાંતમાં પ્રભુના વિચારો સ્ફુરે અને મલીન મનવાળાંને વિષયના વિચાર યાદ આવે; માટે તેવાંને સુધરવાની ઇચ્છા હોય તો સજ્જનના સંગમાં રહેવું અને સાચા સંતનો સંગ રાખવો: કુસંગમાં, કદી, ન જવુ; એજ વિનંતિ પ્રભુ સર્વનું સદાશ્રેય કરો.

શ્રીહરિઃ શર્ણમ

(પ્રિય સભાજનો એ ઢબ.)

—શ્રીજી પ્રત્યે નુતન વર્ષે અરજી—

(કલ્યાણ.)

શ્રી દેવિને સ્મરૂ મહાલક્ષ્મી કરગરૂ,
હાથ જોડિ નૂતન વર્ષે અરજી ઉચરૂં
વંદન કરિ અભિનંદન ચાહું નૂતન વર્ષમા રોજ,
તવપદ કમળે પ્રિતિ રખાવિ કરાવજો નિતમોજ.
શ્રીદેવિને સ્મરૂ, મહાલક્ષ્મી કરગરૂ હાથ૦—૧

દિવ્ય રિદ્ધિ સિદ્ધિ સમૃદ્ધિ નીંવૃદ્ધિ દ્યો માત,
ભાવ ભક્તિ ભરપુર ભરિ મેળવો પ્રભુ સાક્ષાત;
શ્રી દેવિને સ્મરૂ, મહાલક્ષ્મી કરગરૂ, હાથ૦—૨

મંગળપુરમા મંગલ કરવા વસો સદા સાક્ષાત,
સર્વ સૃષ્ટિનુ શ્રેય કરો શ્રી મહાલક્ષ્મીજી માત;
શ્રી દેવિને સ્મરૂ મહાલક્ષ્મી કરગરૂ, હાથ૦—૩

જૈ જૈ લક્ષ્મી કમલા જલધી તનિયા;
વિશ્નુ પદ્દિ ઈદિરે, તિ, શ્રી વિજય મંગલ હો.

વિજ્ઞાપ્તી પત્ર.

મેઘજીકૃત પુસ્તકો.	કી૦
૧ શ્રી રણછોડરાય રત્નમાળા	૦—૪—૦
૨ શ્રી દ્વારકાધીશનો પ્રસાદ—ગર્ભો.	૦—૪—૦
૩ શ્રી સંત પ્રભાવ, ગુ૦ ટિકા સંત	૦—૨—૦
૪ શ્રી રામરક્ષાનુ ગુજરાતિમા ગાન.	૦—૧—૦
૫ શ્રી પવિત્ર પતાકા. પોસ્ટેજનો.	૦—૦॥—૦
૬ મેઘજીના મહાવાકય	૦—૪—૦

આ દરેક પુસ્તકની ઉપર્જાત કીમતના પેસા પાછા બીજા પવિત્ર પુસ્તકો છપાવવા ખાતાના ધર્માદાના ફંડમાજ રખાય છે, માટે સજ્જનો જરૂર સ્વીકૃત કરશો તો વ્હેલા વ્હેલા બીજા પુસ્તકો બ્હાર પડશે.

આ પુસ્તકો મળવાનુ ઠેકાણુ,

મુ૦—માગરોળ બંદર (જીલ્લો કાઠીયાવાડ) શ્રીમહાલક્ષ્મીજીના મંદીરમા—પુજારિને પહોચે,—